# ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)

બ્લોક નં.૨, ડી-૨ વિંગ, ચોથો માળ, કર્મયોગી ભવન, સે-૧૦/એ, ગાંધીનગર

(ફોન) ૦૭૯ ૨૩૨૫૬૩૨૩ ઈ-મેઈલ: sec-bsadb@gujarat.gov.in


નં.ડૉ.આંઅંવિનિ/વહટ/૩૬૦/૨૦૨૪-૨૫/૧૭૩૯ - ૨૭ તારીખ:૨૫/૧૧/૨૦૨૪

પ્રતિ,

કમિશ્નરશ્રી,

માહિતી ખાતુ,

બ્લોક નં.૧૯, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજય, ગાંધીનગર.

વિષય:- જાહેરાત પ્રસિધ્ધ કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, રાજય સરકારશ્રી ધ્વારા મંજુર થયેલ યોજનાઓના અરજી પત્રકો મેળવવા આ નિગમ ધ્વારા જાહેરાતનો નમુનો તૈયાર કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

આ જાહેરાત તા.૩૦../૧૧/૨૦૨૪ના રોજ બહોળી પ્રસિધ્ધિ ધરાવતા બે વર્તમાનપત્રોની તમામ આવૃત્તિમાં જાહેરાત પ્રસિધ્ધ કરવાની જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

મેનેજીંગ ડિરેક્ટર
ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)
ગાંધીનગર

બિડાણ:- જાહેરાતનો મુસદ્દો

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:-</u>

(૧) અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતાનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

(૨) અંગત સચિવશ્રી, માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતાનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ- ૨,ગાંધીનગર.

(૩) અંગત સચિવશ્રી, માન.અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૪) માન.નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર.

(૫) અદિત માઇક્રોસિસ પ્રા.લિ,અમદાવાદ /- તા.૩૦../૧૧/૨૦૨૪ના રોજ પોર્ટલ નિયત સમયે ચાલુ થાય તે મુજબ કાર્યવાહી કરવા સારૂ.

## જાહેર ખબર

# ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)

બ્લોક નં.૨, ડી-૨ વિંગ, ચોથો માળ, કર્મયોગી ભવન, સે-૧૦/એ, ગાંધીનગર

### અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય જાતિ (અતિ પછાત)ના વ્યકિતઓ માટે

અનુસૂચિત જાતિ પૈકી ૧૨ અંત્યોદય જાતિઓ જેમાં હાડી, નાડિયા, સેનવા-સેનમા-શેનવા-ચેનવા-સેડમા-રાવત, તુરી, ગરો-ગરોડા-ગુરૂબ્રાહ્મણ-ગરવા, વણકર સાધુ, અનુ.જાતિના બાવા, થોરી, તીરગર-તીરબંદા, તુરી-બારોટ, માતંગ, વાલ્મીકી(સફાઇ કામદાર સિવાયના)ના વ્યકિતઓને સ્વરોજગારી પુરી પાડવાના હેતુથી નિગમ ધ્વારા નીચે દર્શાવેલ યોજનાઓ માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે .

| ક્રમ | યોજનાનું નામ | યુનિટ કોસ્ટ રકમ રૂ. |
|---|---|---|
| ૧ | પેસેન્જરવાહન/માલવાહક યોજના (થ્રી વ્હીલર) | રૂ.૨,૫૦,૦૦૦/- |
| ૨ | મહિલા સમૃધ્ધિ | રૂ.૫૦,૦૦૦/- |

આ અરજી કરવાની મુદત તા: ૩૦/૧૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધીની રહેશે. અરજી નિગમની વેબસાઇટ https://sje.gujarat.gov.in/gapb પર ઓનલાઇન કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતા પહેલા યોજનાની વિગતો/શરતો અવશ્ય વાંચી લેવા જણાવવામાં આવે છે.

**હેલ્પલાઇન નં: ૦૭૯-૨૩૨-૫૬૩૨૩**

**નોંધ:** ફોર્મ ભરતા સમયે પડતી મુશ્કેલીઓ માટે કચેરી સમય દરમ્યાન સંપર્ક કરીને માર્ગદર્શન મેળવી શકશો.

**યોજનાની પાત્રતાની શરતો / ધોરણ નીચે મુજબ રહેશે**

(૧) અરજદાર મૂળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય જાતિના બેરોજગાર હોવા જોઇએ.(સફાઇ કામદાર અથવા તેના આશ્રિત ન હોય તેવા) (૨) અરજદારના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૩.૦૦ લાખથી વધુ હોવી જોઇએ નહિ. (૩) અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૫૦ વર્ષ કરતા વધુ ન હોવી જોઇએ. (૪) અરજદાર કે તેમના આશ્રિત સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતા હોવા જોઇએ નહિ. (૫) અરજદાર કે તેમના કુટુંબના આશ્રિત સભ્યએ આ નિગમની કે સરકારશ્રીની કોઇપણ યોજના હેઠળ અગાઉ ધિરાણ મેળવેલ ન હોય, તેવા જ અરજદારો આ જાહેરાત અન્વયે અરજી કરી શકશે. (૬) થ્રી વ્હીલર ચલાવવાનું માન્ય લાયસન્સ ધરાવતા હોવા જોઇએ.

સહી/-

મેનેજીંગ ડીરેકટર

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)

ગાંધીનગર